ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ઇ-ગ્રામ સેન્ટરને ટેકનીકલ સપોર્ટ અને તાલીમ વિષયક સપોર્ટ (TSTSP) પુરા પાડવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-ઇજીવી-૧૦૨૦૧૩-૮૧૪૦૬૪-આઇ.ટી.સેલ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૪-૦૨-૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

૧. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની સિંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ ફાઇલ ઉપરની તા.૧૯/૦૯/૨૦૧૩ ની દરખાસ્ત.
૨. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની તા.૭/૧૦/૨૦૧૩ ની ૧૭મી એકઝીકયુટીવ કમિટિની કાર્યવાહી નોંધ.
૩. એસ.પી.સી.(આઇ.ટી.)નો તા.૨૬/૧૨/૨૦૧૩ નો પરિપત્રિત ઠરાવ.

**પ્રસ્તાવનાઃ-**

ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી દ્વારા ઇ-ગ્રામ પંચાયતોને ટેકનિકલ સપોર્ટ તેમજ તાલીમ વિષયક સપોર્ટ પુરો પાડતી એજન્સીઓની મુદત પૂર્ણ થતાં, નવી એજન્સીઓ નિયત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરેલ હતી અને L-1 આવેલ સંસ્થાને વર્ક ઓર્ડર આપવા માટે તા.૧૯/૯/૨૦૧૩ ના રોજ સીંગલ ફાઇલ સીસ્ટમથી વિભાગને દરખાસ્ત મોકલેલ હતી. આ બાબત ૧૭મી એકઝીમયુટીવ કમિટિની તા.૭/૧૦/૨૦૧૩ ની બેઠકમાં એજન્ડા આઇટમ નં.૧૭.૪ થી મંજૂર કરવામાં આવી હતી. આ બાબત નાણાં વિભાગ સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરવામાં આવતાં નાણાં વિભાગે તા.૨૧/૧૧/૨૦૧૩ ની નોંધથી મંજૂરી આવેલ હતી. આ બાબત એસ.પી.સી. (આઇ.ટી.) સમક્ષ રજૂ કરવામાં આવતાં એસ.પી.સી. (આઇ.ટી.) એ પરિપત્રિત ઠરાવથી તા.૨૬/૧૨/૨૦૧૩ ના રોજ મંજૂરી આપેલ છે અને સરકારશ્રી દ્વારા દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ છે.

**ઠરાવઃ-**

ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત રાજયની તમામ ઇ-ગ્રામ પંચાયતો ખાતે ટેકનિકલ સપોર્ટ તેમજ તાલીમ વિષયક સપોર્ટ પૂરો પાડવા માટેના વર્ષ-૨૦૧૩-૧૬ માટે પસંદ થયેલ નીચે જણાવેલ એજન્સીઓને વર્ક ઓર્ડર આપવાની બાબતને નાણાં વિભાગ, સરકારશ્રી તેમજ

એસ.પી.સી.(આઇ.ટી.) એ મંજૂર કર્યા મુજબ નીચે પ્રમાણે કામગીરી ફાળવવાની આથી ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીને આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | એજન્સીનું નામ | હિસ્સો | જિલ્લાનું નામ |
|---|---|---|---|
| ૧ | સી.એમ.સી. | ૧૫.૩૮ | અમરેલી,જુનાગઢ અને જામનગર |
| ૨ | એપ્ટેક | ૧૫.૧૧ | ખેડા, આણંદ, દાહોદ અને પંચમહાલ |
| 3 | એચ.સી.એલ. | ૬૯.૫૧ | આ સિવાયના ૧૯ જિલ્લા<br>(આ જિલ્લાઓમાં નવરચિત જિલ્લાનો સમાવેશ નથી થતો) |

આગામી ત્રણ વર્ષ માટે ઉકત એજન્સીઓને લેટર ઓફ ઇન્ટેન્ટ આપવા તથા સર્વિસ લેવલ એગ્રીમેન્ટ કરવા અંગેની કાર્યવાહી સોસાયટીએ ત્વરીત હાથ ધરવાની રહેશે તથા નીચે દર્શાવેલ શરતોનો સમાવેશ સર્વિસ લેવલ એગ્રીમેન્ટમાં કરવાનો રહેશે.

૧. માસિક કામગીરીનો પ્રગતિ અહેવાલ જેતે એજન્સીએ દર માસની પાંચમી તારીખ સુધીમાં જે તે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રજૂ કરવાનો રહેશે અને ત્રિમાસિક કામગીરી અહેવાલ ઇ-ગ્રામ સોસાયટી મારફત સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.
૨. હાર્ડવેરના મેન્ટેનન્સની કામગીરી જે તે એજન્સીઓ દ્વારા કરવાની રહેશે અને તે માટે અલગ એ.એમ.સી. કરવાનો રહેશે નહી.
3. ઓડિટ અંગેની જવાબદારી જે તે એજન્સીની રહેશે અને આ કામગીરી માટે અલગ ઓડિટર નિમવાના રહેશે નહી.

આ અંગેનો ખર્ચ મુખ્ય સદર-૨૫૧૫, પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ સદર-૮૦૦, પેટા સદર-૨૧ (સી.ડી.પી.-૧)માહિતી અને પ્રોદ્યોગીકી સદરેથી ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીના હવાલે મુકવામાં આવેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૧૧/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ તેમજ સરકારશ્રીની તા.૧૩/૦૧/૨૦૧૪ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ.બી.ચૌધરી
નાયબ સચિવ

C/549

**પ્રતિ,**

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ, ગુજરાત રાજય.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એચ.સી.એલ. ઇન્ફો સીસ્ટમ લી.
- સી.એમ.સી. કોમ્પયુટર લી.
- એપ્ટેક લી.
- નાણાં વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી,પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત પંચાયત વાઇડ એરીયા નેટવર્ક (પાવન) ના બેન્ડવીથ, ઓપરેશન અને મેન્ટેનન્સ માટે મે.ભારતી એરટેલ લી. જોડે કરાર કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-ઇજીવી-૧૦૨૦૧૨-૭૨૦૦૦૫-આઇટી-સેલ
સચિવાલય, ગાંધીનગર
તારીખ.03/૦૭/૨૦૧૪

**વંચાણે લીધા :-**

(૧) ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની તા.૦૭/૧૦/૨૦૧3 ના રોજ મળેલ ૧૭-મી એકઝયુકિટીવ બેઠકની કાર્યવાહી નોંધ.
(૨) પાવન નેટવર્ક માટે ઇ-ગ્રામ સોસાયટીના ઓન-લાઇન ટેન્ડરની તા.૨૫/૧૦/૨૦૧3 ની જાહેર નિવિદા.
(3) તા.૧૬/૧૧/૨૦૧3 ના રોજ બીડ ઇવેલ્યુશન માટે મળેલ કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.
(૪) તા.૧૮/૦૧/૨૦૧૪ ના રોજ મળેલ ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની એકઝયુકિટીવ કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.
(૫) તા.૧૭/૦૨/૨૦૧૪ ના રોજ મળેલ વિભાગની આઇટી કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.
(૬) તા.03/03/૨૦૧૪ ના રોજ મળેલ વિભાગની આઇટી કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ
(૭) તા.૧૮/03/૨૦૧૪ ના રોજ મળેલ વિભાગની આઇટી કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.
(૮) વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના તા.૨3/૦૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃએસપીસી /૧૦૨૦૧૧/૧૧3૬(૮૪૪)/આઇટી/પી-૨૬ થી મળેલ એસ.પી.સી.(આઇટી) ની કાર્યવાહી નોંધ.
(૯) તા.૧૬/૦૬/૨૦૧૪ ના રોજ મળેલ સોસાયટીની ૧૯-મી એકઝયુકિટીવ કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ
(૧૦) તા.૧૮/૦૬/૨૦૧૪ ના રોજ મળેલ સોસાયટીની ગવર્નીંગ બોડીની બેઠકની કાર્યવાહી નોંધ.

**આમુખઃ-**

રાજયમાં તા.૧/૧૦/૨૦૦૮ થી ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેકટ અમલમાં આવેલ છે. રાજયના કુલ -૧3૬૮૫ ઇ-ગ્રામ સેન્ટરો મારફત ઇ-સેવાઓ પુરી પાડવામાં આવે છે. ઇ-ગ્રામ વિશ્વગ્રામ

સોસાયટીના પાવન નેટવર્કની ઇન્ટરનેટ કનેકટીવીટીની કાર્યરત એજન્સી મેસર્સ ભારતી એરટેલ લી. ની મુદત તા.૩૦/૦૬/૨૦૧૪ ના રોજ પુર્ણ થતાં ઇન્ટરનેટ કનેકટીવીટી(બેન્ડવીથ, ઓપરેશન અને મેન્ટેનન્સ) માટે આગામી પાંચ વર્ષ માટે એજન્સી નકકી કરવા માટે ટેન્ડરો મંગાવવામાં આવેલ હતા. તેના અનુસંધાને ટેકનીકલ બીડ કમિટીની તા.૧૬/૧૧/૨૦૧૩ ના રોજ બેઠક મળેલ હતી. ઉકત બેઠકમાં નકકી થયા મુજબ રજુ થયેલ ટેન્ડર બાબતે મે.ભારતી એરટેલની તથા મે.હ્યુઝીસ કોમ્યુનીકેશન ઇન્ડિયા લી. બેંગ્લોરને પ્રેઝન્ટેશન માટે જણાવવામાં આવ્યુ હતું. આના સંદર્ભમાં કેબલ નેટવર્કની શકયતાને ધ્યાને લઇને મેનેજીંગ ડીરેકટરશ્રી જી.આઇ.એલ. ના અધ્યક્ષ પદે એક ટેકનીકલ કમિટીની રચના કરવામાં આવેલ હતી, અને ટેકનીકલ કમિટીએ સૂચવ્યા મુજબ મે.ભારતી એરટેલ લી. ને નેગોશીએશન માટે બોલાવવાનું નકકી થયેલ હતું. મે.ભારતી એરટેલ એ ૯૬-એમ.બી.પી.એસ. બેન્ડવીથ સહિત ઓપરેશન અને મેન્ટેનન્સ માટે પાંચ વર્ષ માટે રૂ.૭૦,૨૪,૬૮,૨૮૮/- નો ભાવ આપેલ હતો. એસ.પી.સી.(આઇ.ટી) કમિટીની બેઠક તેમજ ગવર્નીંગ બોડીની બેઠકમાં નકકી થયા મુજબ વી-સેટ કનેકટીવીટી માટે પ્રથમ બે-વર્ષ માટે ઉકત કંપની જોડે કરાર કરવાનું નકકી કરવામાં આવેલ છે. આથી ૯૬-એમ.બી.પી.એસ. બેન્ડવીથ, ઓપરેશન અને મેન્ટેનન્સ માટે બે-વર્ષ માટે રૂ.૨૮,૦૯,૮૭,૩૧૫.૨/- ખર્ચ થવાની શકયતા છે. તે અન્વયે મે.ભારતી એરટેલ લી. ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીના પાવન નેટવર્ક કનેકટીવીટી માટે સર્વિસ પ્રોવાઇડર તરીકે નિયુકત કરવાની બાબત વંચાણે લીધેલ ક્રમ: ૧ થી ૧૦ ધ્યાને લેતા તેમજ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર તા.૦૧/૦૭/૨૦૧૪ ની નોંધથી સરકારશ્રીની મંજૂરી ધ્યાને લેતા ઇન્ટરનેટ કનેકટીવીટી માટે આગામી પ્રથમ તબકકામાં બે-વર્ષ માટે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીના પાવન નેટવર્ક કનેકટીવીટી માટે ૯૬-એમ.બી.પી.એસ. બેન્ડવીથ, ઓપરેશન અને મેન્ટેનન્સ માટે મે.ભારતી અરટેલ લી. ની સર્વિસ પ્રોવાઇડર તરીકે નીચેની શરતોએ નિયુકત કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૧. ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીએ મે.ભારતી એરટેલ લી. ને લેટર ઓફ ઇન્ટેન્ટ (એલ.ઓ.આઇ) આપીને તેઓની પાસેથી પર્ફોમન્સ બેંક ગેરંટી મેળવીને સર્વિસ લેવલ એગ્રીમેન્ટ કરવાનું રહેશે.

૨. NOFN અને કેબલ કનેકટીવીટીના વિકલ્પોને ધ્યાને વિ-સેટ ઇન્ટરનેટ કનેકટીવીટી માટે ટેન્ડર મુદત પાંચ વર્ષ પૈકી પ્રથમ તબકકે આગામી બે વર્ષ માટે કરાર તથા ત્યારબાદ સમીક્ષા કરી જરૂરિયાત મુજબ એક-એક વર્ષ મુદત લંબાવી વધુમાં વધુ પાંચ વર્ષ માટે કરાર ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીએ લંબાવવાનો રહેશે.

૩. નવી પંચાયતો ખાતે વિ-સેટની જરૂરિયાત પુરી કરવાને બદલે તે પંચાયતોમાં કેબલ કનેકટીવીટી લેવા તથા જેમ જેમ કેબલ કનેકટીવીટીના ઇ-ગ્રામ વધે તેમ તેમ વિ-સેટ કામગીરીની જરૂરિયાત ધ્યાને લઇને એરટેલની વિ-સેટ બેન્ડવીથ માં ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીએ ઘટાડો કરવાનો રહેશે.

૪. મે.ભારતી એરટેલ લી. અમદાવાદે આ અંગેનો વર્ક ઓર્ડર સોસાયટી પાસેથી મળ્યાની તારીખથી બે અઠવાડીયામાં ટેન્ડર મુજબની બેન્ડવીથ પુરી પાડવાની રહેશે. બેન્ડવીથ પુરી પાડયા બાદ સ્વીકૃતિ પત્ર સોસાયટીને રજૂ કરવાનો રહેશે.

૫. આ અંગેનું પેમેન્ટ સર્વિસ લેવલ એગ્રીમેન્ટની શરતોમાં નિયત કરવામાં આવે તે મુજબ સોસાયટીએ કરવાનું રહેશે.

૬. મે.ભારતી એરટેલ લી. અમદાવાદ દ્વારા તા.૧૦/૦૩/૨૦૧૪ ના પત્રમાં શીફટીંગ કોસ્ટમાં ઘટાડો કરીને રૂા.૪૫૦૦/- સ્વીકારવામાં આવેલ છે તે મુજબ શીફટીંગ ચાર્જ સોસાયટીએ ચુકવવાનો રહેશે.

૭. મે.ભારતી એરટેલ લી., અમદાવાદ સર્વિસ લેવલ એગ્રીમેન્ટની તમામ શરતો ધ્યાને લઇને કામગીરી બજાવવાની રહેશે.

૮. આ કરાર દરમ્યાન કોઇ પ્રશ્ન ઉભો થાય તો કરારનો અંત લાવવાની ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીને અબાધિત સત્તા રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક : ૭૦(આયોજન)

મુખ્ય સદર : ૨૫૧૫ - અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો

ગૌણ સદર : ૮૦૦ - અન્ય ખર્ચ

પેટા સદર : ૦૯ - સીડીપી-૧ - માહિતી અને પ્રોદ્યોગિકી

હેઠળ સોસાયટીના હવાલે મુકવામાં આવેલ ગ્રાંટ માંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૭/૦૬/૨૦૧૪ ની તથા સરકારશ્રીની તા.૦૧/૦૭/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.બી.ચૌધરી)
નાયબ સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
- માન.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી.
- માન.રાજય કક્ષા મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેમ્બર સેક્રેટરી (ઇજીવીજીએસ) અને વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- નાણાંકીય સલાહકારશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મે. ભારતી એરટેલ લી. ઝોડયાર્ક સ્કવેર, ગુરુદ્વારા સામે, એસ.જી. હાઇવે, અમદાવાદ
- IL&FS Education & Technology Services Limited. (સોસાયટી મારફત)
- સિલેક્ટ ફાઇલ.

C/381

પંચાયતી રાજ સંસ્થાઓના હિસાબોની જાળવણી અને નિભાવણી માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ્સ રોકવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-આઇટીપી-૧૦૨૦૧૪-૧૩૬૬૫૫-આઇ.ટી.સેલ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૦૪-૦૩-૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

૧. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની સિંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ ફાઇલ ઉપરની તા.૧૭/૦૬/૨૦૧૩ ની દરખાસ્ત.
૨. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની તા.૭/૯/૨૦૧૩ ની ૧૭મી એકઝીક્યુટીવ કમિટિની કાર્યવાહી નોંધ.
૩. વિભાગની આઇ.ટી.કમિટિની તા.૬/૨/૨૦૧૪ રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.
૪. એસ.પી.સી.(આઇ.ટી.)ની તા.૬/૨/૨૦૧૪ના રોજ મળેલ ૨૩મી બેઠકની કાર્યવાહી નોંધ.

**પ્રસ્તાવનાઃ-**

પંચાયતી રાજ સંસ્થાઓના હિસાબોની જાળવણી અને નિભાવણી માટે આગામી ત્રણ વર્ષ માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ્સને રોકવા માટે રસ ધરાવતી સંસ્થા પાસેથી તા.૧/૦૮/૨૦૧૩ ના રોજ ટૂંકી મુદતની નિવિદા આપી ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવેલ હતા. જેમાં ૧. ડી.જી.એસ.એમ. એન્ડ કું. ૨. મનુભાઇ એન્ડ કું. ૩. પીપારા એન્ડ કું. ૪. સંદિપ દેસાઇ એન્ડ કું. દ્વારા ભાવ આપવામાં આવેલ છે. આ બાબત ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની ૧૭મી એકઝીક્યુટીવ કમિટિની બેઠકમાં મૂકવામાં આવેલ. સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ ભાવો ઘણા ઉંચા હોઇ આ બાબતે સંસ્થાઓ સાથે વાટાઘાટો કરીને નિર્ણય લેવાની સત્તા એકઝીક્યુટીવ કમિટિના ચેરમેનશ્રી તથા કમિટિના સભ્ય સચિવશ્રીને આપવામાં આવી હતી. ટેન્ડરના ભાવ બાબતે સંસ્થાઓ સાથે નેગોશિયેશન માટે અગ્ર સચિવશ્રી(પંચાયત) અને ચેરમેનશ્રી (ઇજીવીજીએસ) ના અધ્યક્ષસ્થાને તા.૩૦/૧૨/૨૦૧૩ ના રોજ મળેલ બેઠકમાં ઉક્ત ચારેય સંસ્થાઓ સાથે વાટાઘાટો કરવામાં આવેલ. વાટાઘાટોને અંતે નક્કી થયેલ ભાવે કામગીરી કરવા ચારેય સંસ્થાઓએ સંમતિ દર્શાવેલ હતી.

૧૮મી એકઝીક્યુટીવ કમિટિની તા.૧૮/૧/૨૦૧૪ ના રોજ મળેલ બેઠકના એજન્ડા નં.૧૮.૩ થી આ બાબતને એસ.પી.સી.(આઇ.ટી.) સમક્ષ મુકવાની મંજૂરી આપવામાં આવેલ. જેને એસ.પી.સી. (આઇ.ટી.) ની તા.૬/૨/૨૦૧૪ ના રોજ મળેલ બેઠકમાં એજન્ડા આઇટમ નં.૧૭ થી મંજૂરી આપવામાં આવી હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે પંચાયતી રાજ સંસ્થાઓના વર્ષ ૨૦૧૩-૧૬ ના હિસાબોની જાળવણી અને નિભાવણી માટે નીચે જણાવેલ દર મુજબ ચાર એજન્સીઓને કામગીરી સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| વિગત | નેગોશીયેશન મુજબના ભાવ (રૂ.) ૨૦૧૩-૨૦૧૬ |
|---|---|
| ગ્રામ પંચાયત- ૧૩૭૦૦ | ૨૭૫/- |
| તાલુકા પંચાયત- ૨૨૩ | ૮૦૦૦/- |
| જિલ્લા પંચાયત- ૨૬ | ૨૨૦૦૦/- |
| સ્ટેટ લેવલ-૧ | જગ્યા રદ કરેલ છે. |
| માસિક યુનિટ ભાવ | ૩૦૨૭૫/- |

આગામી ત્રણ વર્ષ માટે ચાર એજન્સીઓ સાથે સર્વિસ લેવલ એગ્રીમેન્ટ કરવાની ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીને આથી મંજૂરી આપવામાં આવે છે.

નીચે જણાવેલ બાબતોનો સમાવેશ સર્વિસ લેવલ એગ્રીમેન્ટમાં કરવાનો રહેશે.

૧. આ કામગીરીની સમયમર્યાદા ત્રણ વર્ષની રહેશે.

૨. કરારથી નિયત કરવામાં આવે તેવી શરતો અને બોલીઓ મુજબ કામગીરી બજાવવાની રહેશે અને તે ધ્યાનમાં લઇ કામગીરી અંગેના બીલોની ચુકવણી કરવાની રહેશે.

૩. ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાઓએ વધારાના કોઇ ચાર્જ સિવાય માસ (MAS) ની ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

૪. હાલ પંચાયતી રાજ સંસ્થાઓના હિસાબો અને ગ્રામ અને ગામ સોફટવેરમાં નિભાવવામાં આવે છે. આ હિસાબો પ્રિયા સોફટમાં નિભાવવાનું નકકી કરવામાં આવે ત્યારથી તે મુજબ પ્રિયા સોફટમાં નિભાવવાના રહેશે.

૫. દરેક જિલ્લા પંચાયત તથા દરેક તાલુકા પંચાયત ખાતે ઓછામાં ઓછા એક મેનપાવરની નિમણુંક જે તે એજન્સીએ કરવાની રહેશે તથા ગ્રામ પંચાયતોના હિસાબો માટે જરૂરી વધારાનો મેનપાવર રાખવાનો રહેશે.

૬. ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ હિસાબો જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રજૂ કરતાં પહેલાં હિસાબી અધિકારીએ અચૂક ચકાસવાના રહેશે.

૭. પેનલ્ટી, ચૂકવણી પધ્ધતિ તથા અન્ય શરતો ટેન્ડરની શરતો મુજબ રહેશે.

૮. પાછલા વર્ષો માટે જે એજન્સીઓને કામગીરી સોંપેલ હતી તે સામાન્યત: ચાલુ રહેશે સિવાય કે જે સંસ્થાઓએ કામગીરી સમયસર પૂરી કરી ન હોય તથા હજી પણ બાકી હોય તેના મૂલ્યાંકન બાદ સોસાયટી દ્વારા જિલ્લાઓની ફાળવણીમાં ફેરફાર કરાશે.

૯. પંચાયતી રાજ સંસ્થાઓના હિસાબો યોગ્ય અને સાચા છે તે ચકાસવું વધુ જરૂરી હોઇ જે તે એજન્સીએ હિસાબો લખતી વખતે તેની કાળજી લેવાની રહેશે.ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતના હિસાબોની ખરાઇ ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ, નાયબ હિસાબનીશ તથા તાલુકા વિકાસ અધિકારીએ અને જિલ્લા પંચાયતના હિસાબોની ખરાઇ જિલ્લા હિસાબી અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કરવાની રહેશે. આ હિસાબોની હાર્ડકોપીની પ્રિન્ટ લઇ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતના હિસાબોની કોપી ઉપર ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ, નાયબ હિસાબનીશ અને તાલુકા વિકાસ અધિકારીશ્રીની સહી તથા જિલ્લા પંચાયતના હિસાબો માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ, જિલ્લા હિસાબી અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સહી કરી રેકર્ડ જાળવવાનું રહેશે.

૧૦. ચાર્ટડ એકાઉન્ટન્ટ એજન્સી દ્વારા જે હિસાબો અંગે પ્રશ્ન-વાંધો રજુ કરાયો હોય તેનું ગ્રામ પંચાયતોના પ્રશ્નો માટે તાલુકા વિકાસ અધિકારીએ અને તાલુકા પંચાયતોના પ્રશ્નો માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ચકાસણી કરવામાં આવે અને આવા વાંધા પ્રશ્નનું યોગ્ય નિરાકરણ કરવામાં આવે તેની કાળજી રાખવાની રહેશે.

ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાઓને વર્ષ ૨૦૧૩-૧૬ માટે નીચે મુજબ કામગીરીની વહેંચણી કરવાની રહેશે.

C/385

- પીપારા એન્ડ કાું., ગૃહ ફાઇનાન્સ નજીક, નેતાજી સુભાષ માર્ગ, લો ગાર્ડન, અમદાવાદ.
- મનુભાઇ એન્ડ કાું., બીજો માળ, બી વીંગ, પ્રીમીયમ હાઉસ, ગાંધી ગ્રામ આશ્રમ પાસે, અમદાવાદ.
- ડી.જી.એસ.એમ. એન્ડ કાું., ૬-બી સત્તર તાલુકા સોસાયટી, નવજીવન પ્રેસ નજીક, ઇન્કમટેક્ષ, અમદાવાદ.
- બજેટ શાખા,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.

C/511

ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત જિલ્લા અને તાલુકા કક્ષાએ આઉટ સોર્સીંગથી મેન પાવર સપોર્ટ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-આઇટીપી-૧૦૨૦૧૩-૫૭૨૨૬૩-આઇ.ટી.સેલ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- ૨૪-૦૨-૨૦૧૪

**વંચાણે લીધા:-**

૧. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની સિંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ ફાઇલ ઉપરની તા.૧૭/૦૬/૨૦૧૩ ની દરખાસ્ત.
૨. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની તા.૨૨/૭/૨૦૧૩ ની ૧૬મી એકઝીક્યુટીવ કમિટિની કાર્યવાહી નોંધ.
૩. એસ.પી.સી.(આઇ.ટી.)ની તા.૬/૨/૨૦૧૪ ના રોજ મળેલ ૨૩મી બેઠક ની કાર્યવાહી નોંધ.

**પ્રસ્તાવના:-**

રાજયમાં જિલ્લા/તાલુકા પંચાયત કક્ષાઓ માટે આઉટસોર્સીંગથી મેનપાવર સપોર્ટ પુરો પાડવા માટે વર્ષ ૨૦૧૩-૧૬ માટે એજન્સી નિયત કરવા માટે ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની તા.૧૭/૦૬/૨૦૧૩ ની નોંધથી ટેન્ડર પ્રક્રિયા માં L-1 આવેલ ડેટા-ટેક કોમ્પ્યુટર્સ પ્રા.લી. અમદાવાદને કામગીરી સોંપવા અંગેની દરખાસ્ત વિભાગમાં રજૂ કરવામાં આવેલ જેને નાણાં વિભાગે તા.૨૭/૯/૨૦૧૩ ની નોંધથી મંજૂરી આપી હતી. જેને ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીની તા.૨૨/૭/૨૦૧૩ ના રોજ મળેલ ૧૬મી એકઝીક્યુટીવ કમિટિમાં એજન્ડા આઇટમ નં. ૧૬.૫ થી મંજૂર કરવામાં આવેલ અને આ બાબત એસ.પી.સી. (આઇ.ટી.) ની તા.૬/૨/૨૦૧૪ ના રોજ મળેલ બેઠકમાં એજન્ડા આઇટમ નં.૩ થી મંજૂર કરવામાં આવી હતી અને ત્યારબાદ આ બાબતે સરકારશ્રીની મંજૂરી મેળવવામાં આવેલ હતી.



1320 24/7/14

**ઠરાવ:-**

રાજયના જિલ્લા/તાલુકા કક્ષાએ સર્વિસીસ ઓફ ડેટાએન્ટ્રી ઓપરેશન્સ આઉટસોર્સ કરવા માટે બહાર પાડેલ ટેન્ડરમાં L-1 આવેલ મે. ડેટાટેક કોમ્પ્યુટર્સ પ્રા.લી., અમદાવાદ સાથે સોસાયટી દ્વારા કરાર કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષ સુધી ટેન્ડરમાં દર્શાવેલ વિગતે સંખ્યાબળ અને ખર્ચની મર્યાદામાં આઉટસોર્સ કરવાની આથી ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીને મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી નીચે દર્શાવેલ શરતોને આધીન રહેશે.

૧. આ મંજૂરી કરાર કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષની રહેશે.

૨. ઇ-પંચાયત પ્રોજેકટના વિવિધ સોફટવેરના અમલીકરણની કામગીરી બાબતે થયેલ પ્રગતિની સમીક્ષા માસિક ધોરણે કરી વિભાગને વિગતવાર અહેવાલ રજુ કરવાનો રહેશે.

જિલ્લા/તાલુકા કક્ષાની મેનપાવર સપોર્ટ દ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.

**૧.** ઇ-પંચાયત પ્રોજેકટ હેઠળની તમામ કામગીરી.

**૨.** જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવે તેવી કામગીરી.

**૩.** તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવે તેવી કામગીરી.

**૪.** ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટી દ્વારા સોંપવામાં આવે તેવી કામગીરી.

આ અંગેનો ખર્ચ મુખ્ય સદર-૨૫૧૫, પેટા મુખ્ય સદર-૦૦, ગૌણ સદર-૮૦૦, પેટા સદર-૨૧ (સી.ડી.પી.-૧)માહિતી અને પ્રૌદ્યોગીકી સદરેથી ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ સોસાયટીના હવાલે મુકવામાં આવેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૭/૯/૨૦૧૩ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એસ.બી.ચૌધરી
નાયબ સચિવ અને સી.આઇ.ઓ.

c/413

**પ્રતિ,**

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ, ગુજરાત રાજ્ય.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.